પ્રત્યક્ષ ચમત્કાર

કળીયુગમાં

શ્રી મલ્લિ જીનેશ્વર મહાતમ

રચનાર

કવિ વાડિલાલ સાંકલચંદ અમદાવાદ.

શાહપુર હાલ હાજાપટેલની પોળમા પાછીઆની પોળ

છપાવી પ્રસિદ્ધ કરનાર

શા. સોમચંદ જેકાલાલ અમદાવાદ.

ઢાળની પોળમાં ખારાકુવાની પોળ.

સંવત ૧૯૬૪ પ્રત ૨૦૦૦ સને ૧૯૦૮

અમદાવાદ

દીલ્લીદરવાજે ચકલામાં જયન્તિ પ્રિન્ટિંગ પ્રેસ

કિંમત ૦-૦-૬

પ્રત્ક્ષ ચમત્કાર

કળીયુગમાં

શ્રી મલ્લિ જીનેશ્વર મહાત્મ

રચનાર

કવિ વાડિલાલ સાંકલચંદ અમદાવાદ.

શાહપુર હાલ હાજાપટેલની પોળમા પાછીઆની પોળ

છપાવી પ્રસિદ્ધ કરનાર

શા. સોમચંદ જેઠાલાલ અમદાવાદ.

ઢાળની પોળમાં ખારાકુવાની પોળ.

સંવત ૧૯૫૪ પ્રત ૨૦૦૦ સને ૧૯ ૮

અમદાવાદ

દીલ્લીદરવાજે અકલામાં જયન્તિ પ્રિન્ટિંગ પ્રેસ

કિંમત ૦-૦-૬

શ્રી મલ્લી જીનેશ્વર નમઃ

શ્રી મલ્લી જીનેશ્વર મહાત્મ.

મંગળાચરણ.

માલિની.

સરવ વચન સાચાં જૈનનાં બંધુ સારાં,
સમજ સમજ લેતાં જ્ઞાનમાં ગુણવાળાં;
અતિ પરમ કૃપાળુ વાણીથી પ્રેમ આવે,
રશિક રશિક બોલે અંગ ઉમંગ થાવે;
મધુર મધુર વાણી જૈનમાં તો સમાણી,
પરમ પરમ ભાવે માગીયે એ કમાણી;
જરૂર જરૂર આવે અંતમાં લાભ એનો,
અવર અવર જાણું વ્હેમમાં ભેદ જેનો;
મનુષ જન વધારે પોત પોતાનું માની,
અધિક અધિક પ્રેમાળો દયા વાત જાણી;

મનહર ગુણ ગાવા મલ્લિના આજ મારે,
સરવ સમય પાળો વ્હાર આવી અમારે;
અચળ અચળ ગાવા સ્હાય લીધી તમારી,
ગણુ પદ ચુક થાતાં, માફ માગુ વિચારી;
ભુલ ચુક મુજ થાતાં ટાળજો આધી વ્યાધી,
જપ તપ જીવ પાળે મંત્ર નૌકાર સાધી.

ભુજંગી.

ભજે મંત્ર નૌકાર જે જન જાણી, દયા ભાવથી જૈનમાં પ્રેમ આણી,
ટળે એ દુઃખો સુખથી મોજ માણે, ભજે વીર નૌકાર તે સુખ જાણે;
દિઠો કાંકરો મેરૂનું ભાન કયાંથી, શિઆળે જતાં શું કળે સિંહ જ્યાંથી,
દિપે સિંહનું જોર ત્યાં ભાન આણે, ભજે વીર નૌકાર તે સુખ જાણે;
ખરે સિંહ જેવા રહ્યા હાથ જોડી, તજ્યા કાળને ક્રોધને મોહ તોડી,
જુવો ઠામ ઠામે દયા એજ માણે, ભજે વીર નૌકાર તે સુખ જાણે,
દયા પાળવા જીવનું દુઃખ જેને, ઘણી ખ્યાતિને ધન્ય છે વીર તેને,
સહુ ગુણ ગાશે ખરે એજ ગાણે, ભજે વીર નૌકાર તે સુખ જાણે;
દયા વીણુ ધર્મ ખરે લોક માને, ઉંડા ઉતરે તો દયા સત્ય જાણે,
સુતાં ઉઠતાં ભાળ સંભાળ ખાણે ભજે વીર નૌકાર તે સુખ જાણે;
અસુરા ન લેવા અહારો ઉથાપી, દયા ભાવથી જીવની ભાળ સ્થાપી,
જીવો પાળવા એ દયા દીલ તાણે, ભજે વીર નૌકાર તે સુખ જાણે;
દયાને નીતિ તે તણું ભાન આપે, નહીં સ્વાર્થ વાળો ખરો પ્રેમ વ્યાપે
કહ્યું વાડિલાલે નહી મોહ નાણે, ભજો વીર નૌકાર તે સુખ જાણે.

દોહરા.

મંગળકારી મહુરતે, થયા ભડાકા જાણ,
આનંદ આનંદ ઉછળ્યો, ચમત્કાર પ્રમાણ;
ઉત્તર દિશા ઉજળી, વળી ગામથી દુર,
ખેતરવા ડંકા થતાં, આનંદ આનંદ પુર;
કેવળ પટેલ ખ્યાતી થયો, પુરો તેનો ભાવ,
કુવો જેને ખોદવો, એમ ખરી ઉત્સાવ;
મજુર લઇ કામ આદર્યુ, ખોદ્યું જયાં બહુ હાથ,
ખાવા બેઠા ખાંતથી, બપોર થતાં સૌ સાથ;
વિધ વિધ વાજાં વાગતાં જય વિજય રાગ,
ખાનારા વિસ્મય થયા, જેમ ખીલ્યો હોય બાગ;
પુર્વ જન્મના જોગથી, મજુર કોળી જાત,
ભાગ્યશાળી તે નીવડયા, દર્શન ત્યાં સાક્ષાત;
સંવત ઓગણી ત્રીસમાં, શુદ્ધ પુર્ણીમા ચંદ,
શુભ વૈસાખ માસમાં, શુક્રવાર આનંદ;
ધન્ય ધન્ય મ્હારા નાથને, દુંદુંભી ડંકા નાદ,
પડ ઉખડયું ભુમી તણું, પ્રસીદ્ધ રૂપ આબાદ;
મનહર મુર્તી નાથની, મલ્લિ નામ સુખકાર,
બે કાઉસગ સાથે હતા, મળી મેરુની સાર;
સોયણીની પાદરમાં, વ્હાલે દર્શન દીધ,
મળી કેરૂ ગામડુ, જઇ જુવો નવ નિધ;

પગલાં શ્રીમલ્લિ તણાં, ત્યાં થૈ લીલા લ્હેર,
ભોયણી જગ પ્રસિધ્ધ થઇ, જ્યાં વ્હાલાની મ્હેર
કુક વાવ થકી સૌ આવીયા, થઇ બહુ તકરાર,
દેવ અમારા દેખીએ, લઇ જાવા તઇયાર.

ચોપાઇ.

એમ તકરાર થઇ જેઠાર, પખાર કરી પુજ્યા તે વાર,
ઘૃતજ કેરો દિપક કર્યો, ત્રીભોવન આનંદે ભર્યો;
કુબેર શેઠ તણો એ તંન, પુજીને થયો પાવન,
કોઇ કહે મ્હારે એ ગામ, કોઇ કહે અમારે નામ;
એમ તકરારો સુણી કરી, ત્યાં પંચાત એવી ઠરી,
ગાડુ લાવી મુકી કરી, પધરાવ્યા આનંદે ભરી;
કુકવાવ વાળે મનમાં ધર્યું, નિજ ગામ સામ્ ગાડુ કર્યું,
ભેદ રાખીને કીધુ કામ, દુર હઠયા એવે એ ઠામ;
બળદ વિનાનુ ગાડુ જાણ, પ્રસીદ્ધ પારખુ એજ પ્રમાણ,
જેણી ત્રફ આ ગાડુ જાય, પધરામણી પ્રભુની થાય;
કપટની વાત જાહેર થઇ, ભોયણી ગામે પ્રતિમા ગઇ,
કુકવાવ સાસુ છતાં એ ફરયું, ભોયણીને ફળ પુરૂ મળ્યું,
દગો કરીને કરશે સ્નેહ, ખરો લાભ ખોશે નર તેહ;
કુકુવાવમાં જૈનીયો રહે, ભેદ રાખે તેને કેમ ચહે,
નિષ પક્ષ પાતે એતો ગયા, વગર જૈનીના સ્હાઇ થયા;
બાલચંદજી ગોરજી જેહ, ઓગણીસંમા જીનેશ્વર એહ,
કળસ લંછનથી નીરખી કરી, ચમત્કારથી સૌ રહયા ઠરી.

ગરબી.

નાનુ જુવો ગામ, જયાં પ્રભુ કહીએરે,
થયું મોટુ અપાર, ભોયણી ચઇએરે;
હડ હડતો કળીયુગ ભાવ જણા૦યોરે,
પડછા અપરંપાર ધર્મ મના૦યોરે.

સાખી—દશ દીશે ડંકા થયા, વરત્યો આનંદકાર,
સંઘ લઇ સૌ આવીયા, જાત્રાળુ સુખકાર;
દિન દિન વધતુ ધામ, દેરાસર શોભેરે,
ખરચ્યાં અઢળક દામ, જોવા મન લોભેરે.

સાખી—જંગલમાં મંગળ થયું, ચમત્કાર હર્ષીત,
મનવંચ્છીત ફળ આપતા, જીનવર ગુણ ઉચીત;
ન ગણ્યા ઉંચ ને નીચ, સૌજન સરખારે,
દર્શન કેરે માટ, ભાવ બહુ પરખ્યારે.

સાખી—ઢેડ તણી આશા રહી, દર્શનનો બહુ લ્હાવ,
મન વચ્છીત પુરણ થતાં, રોક્યો ન રહે ભાવ;
જાણી પોતે ભાવ ભકત અહી અડીઓરે,
રોકયો ઢેડ જે વાર કરો ત્યાં પડીયોરે.

સાખી—નનો ગુનો ગચ્ચીનો, પડીયો જેની વાર,
દર્શન દીધાં ઢેડને, વરત્યો આનંદકાર;
ભાવીનો જે ભાવ પુર્ણ કીધોરે,
કળયુગમાં પ્રત્ક્ષ પડછો દીધોરે.

સાખી—તાત્કાળીક આ બન્યું, ઓગણી ત્રીશની સાલ,
ચોત્રીશ વર્ષ પુરાં નથી, આજ કાલનો ખ્યાલ;
ધન્ય ધન્ય જૈન ધર્મ સેવ તમારીરે,
ભજે ભાવે જે વીર તે સુખકારીરે.

સાખી—તરણ તારણ હાર છો, દુઃખ નિવારણ નાથ,
ભવ તારણ ભગવાન છો, રહુ રૂહયા સાથ;
જીવનના આધાર દુઃખ હર સ્વામીરે,
સુખ કરોછો જય જયકાર નવે ખંડ નામીરે.

સાખી—મલ્લિ નામ જગમાં ભલું, એ વીણ શુન્ય સંસાર,
ભાવ ધરીને નર ભજે, ભવ ભવ ઉતરે પાર—નાનુ જુવો ગામ

ભુજંગી.

ભજો ભાવથી તો ઘણો લાભ થાવે, ખરે દુઃખના દુઃખતો દુર જાવે,
કહું છું તમોને કરૂ વાત રૂડી, ચહીને મલ્લિનાથને હાથ જોડી;
તજો ઠાઠ ઠાંસો ધરો નામ તેનુ, સુણો હું કહું તે સુણો ભ્રાત બ્હેનુ,
ધરો વીર મ્હારા ચહો નામ દાડી, ચહીને મલ્લિનાથને હાથ જોડી;
બીજાની સગાઇ નહી કામ આવે, અરીહંત પ્રભુ ખરે એ બચાવે,
તમે તો રહો તેહની સાથ પોઢી, અરીહંતને આ નમો હાથ જોડી;
નહી માન પાસ્યા પ્રભુ પ્રીત તોડી, પ્રભુ ધ્યાનમાં તો રહો હાથ જોડી.
પ્રભુ પ્રીત તોડે થશે વિધ્ધ છોટા, ભલા તે નહિ જાણજો દુષ્ટ ખોટા.
ખરી વાત ચોડે રહે કેમ ચોડી, દયા ભાવમાં તો રહો હાથ જોડી,
પ્રભુ નામથી લાભ પામો હજારો, દયા દાનની તો ભરોને વખારો,

નિતી લાભ થાશે નહી ખાદ થોડી, અરીહુંતમાં તો રહો હાથ જોડી.
ભરેલા કણો તે સળી ખુબ જાશે, પડે જીવડાંને નહી કોઇ ખાશે,
પછી ઊપણે તે રહેપાય ખોડી, અરીહુંતમાં તો રહો હાથ જોડી.
પ્રભુના કણે નીતિનો લાભ લેશે, નહી મુડી રહોયે ઘણો લાભદેશે
નહીં વ્યાજ ભાડું નહીં ખર્ચે કોડી, અરીહુંતમાં તો રહો હાથ જોડી.
નહીં ચોપડા કે નહીં ઠામ ખાતુ, નહી જીવડાં કે નહી તે સળાતુ.
નિતીના કણો તે જશો એમ છોડી, અરીહુંતમાં તો રહો હાથ જોડી.
રહી નોંધ તેને રહી એજ પીડા, દયા ભાવના આ ભરો ખુબ બીડા.
દયા ડાકતો એજસે એમ દોડી, અરીહુંતમાં તો રહો હાથ જોડી,
જમે માંડવું તે ઉધારે લઇને, થતું ઝેર નાણું ખરૂં તે દઇને,
પછી કાઢતાં તે બતાવે હથોડો, અરીહુંતમાં તો રહો હાથ જોડી,
બહુ કુટમાં શું થતા આપ અંધા, પ્રભુનામના તો ધરો પ્રેમ ધંધા,
નહીં જાળ જંજાળ એ પ્રેમ હોડી. અરીહુંતમાં તો રહો હાથ જોડી,
દયા દાન નીતિ સજો જૈન પ્યારા, તજો ક્રોધ કાળથી નિતી શાન્ત સારા,
તરો દુઃખ સીંધુ ધરી ધર્મ હાલે, પ્રભુ તારશે એ કહયું વાડીલાલે,

લાવણીની ચાલ.

ફાની દુનિયાં આ તોફાની, મોહ ભરેલો આ સંસાર,
કાળ કવળ કરી જાશે સહુને, વિપળ પણ નહી લાગે વાર,
આજ કાલ કરતાંમાં જાવું, કાળ કદી જો લઇ જાશે,
મહિલ નામ વિના હે મુરખા; પસ્તાવું વાંસે થાશે;
આનંદ આ જગનો સબ ખોટો, સ્વામીજો તુ આવી મળીશ,

વિલંબ થશે જો વ્હાલા તુજને, તો હું પ્રભુ ઝુરી મરીશ,
અનેક વ્યાધીયો વેઠી વેઠી, સંસાર થકી સુકાઇ ગયો,
કંચન વર્ણું દર્શન જોવા, સેવક આ ઊત્સાહી રહયો;
અવનીપર નીપજેલી ચીજો, અળખામણી દેખું આ ઠાર,
તુજ વગર એ શાણા સ્વામી, દુઃખરૂપ માનુ સંસાર;
તું સુખકારી તું દુઃખ હારી, તું ભવતારણ હે ભગવાન.
વાડિલાલ કરે આ વિનતી, અંતરપટમાં દે સદજ્ઞાન,

સાખી.

શ્રીફળ લઇને સંચરયો, માની માનતા જેહ.
અણીશુદ્ધ આગળધર્યાં, મનમાં બહુ સંદેહ.

વધેરવા ઇચ્છા હતી, પણ અઘટતી રીત.
આશા પુરી પાડવા, થયાં જુદાં ખચીત.

દેવી દીલમાં વીચારૂરે. એ રાગ.

જીનવર નામ તમારૂરે, સુણી હરખ્યું મન મારૂરે;
બિરાજમાન મહા પ્રભુએ, માંગલીક ઊત્તમ માસ.
સુદી દશમ મહા માસની કૈયે પાપ ટળે છે ખાસ. જીનવર
અઘોર કર્મ કરી આ ભવમાં, પાપ તણો નહી પાર,
ત્હારી સ્હાય વીના કેમ છુટુ, નોંધારાના ધાર; જીનવર
દેશ દેશથી સંઘજ આવે, ભાગે મનની ભ્રાન્ત,
ઓગણીસમા જીનેશ્વર રૂડા; મલ્લિ પમાડે શાન્ત; જીનવર

ભવસાગરથી આ તરવા, નૌકાસમા મલ્લિનાથ,
હાથ ગ્રહીને વેગે તારો, ખરે અનાથના નાથ; જીનવર
કારતકીને ચૈતરી પુનમે, મળે મોટા મોટા સંઘ,
ભાવ સહીત પ્રભુને ભજતાં, અંતરમાં ઉમંગ; જીનવર
હર પુનમે છુટે પુનમીયા, પુણ્યથી અદ્દકુ રૂપ,
રાત પડે ગેબી વાજાં વાગે, ચમત્કાર સ્વરૂપ; જીનવર
વાડિલાલે પ્રેમ જણાવ્યો, પ્રેમતણો નહી પાર,
ગણુના જેની ન થઇ શકે, ઊત્તમ જૈન આધાર, જીનવર

પંદર તિથિયો.

સખી પડવે મલ્લિજીન પ્યારારે ઓગણીસમા તીર્થંકર ન્યારારે,
એ પ્યારા પ્રભુ અમારા, અવિચળનામ ભવોભવ ભજીએરે;
સખી બીજે નામ તમારૂરે, લેતાં અંતરમાં અજવાળુરે,
હરનીશ સદા સંભાળું, અવિચળ નામ ભવોભવ ભજીએરે;
સખી ત્રીજે શુભ ગુણ ગાવારે, કળયુગમાં ચમત્કાર આવારે,
સેવક આવ્યા પુજા રચાવા, અવિચળ નામ ભવોભવ ભજીએરે,
સખી ચોથે ચોગડદમ ખ્યાતીરે, નમવા આવી અઢારે જ્ઞાતીરે,
વિશ્વ વિષે વડી વિખ્યાતી; અવિચળ નામ ભવોભવ ભજીએરે;
સખી પાંચમે પ્રીત વધારીરે, ભોયણીને ખુબ સુધારીરે,
જય વિજય આનંદકારી, અવિચળ નામ ભવોભવ ભજીએરે,
સખી છઠ્ઠે સમતા હમારીરે, જેને ભજે ભાવે નરનારીરે,

નામ લેતાં કલ્યાણકારી, અવિચળ નામ ભવોભવ ભજીએરે,
સખી સાતમે ભેદ બતાવ્યોરે, તપ કરતાં મિત્રથી છુપાવ્યોરે,
તેનો પડછો કુક વાત્રને જણાવ્યો, અવિચળ નામ ભવોભવ ભજીએરે
સખી આઠમે આળસ તજીએરે, ભવસાગરથી પ્યારા સજીએરે,
આઠ પ્હોર વ્હાલા તુને ભજીએ, અવિચળ નામ ભવોભવ ભજીયેરે
સખી નોંમે મુર્તી તમારીરે, આબેહુબ રહૃદયમાં ઉતારીરે;
જપુ ભવ ભંજન ભયહારી, અવિચળ નામ ભવોભવ ભજીએરે,
સખી દશમે અષ્ટ કર્મ કાપોરે, ભય કાપી અભય પદ આપોરે,
જૈન સેવકની અર્જ સ્થાપો, અવિચળ નામ ભવોભવ ભજીએરે,
સખી એકાદશી અતી સારીરે, જૈન દર્શન પર વારી વારીરે,
મલ્લિ નામની નીત્ય બલીહારી અવિચળ નામ ભવોભવ ભજીએરે,
સખી બારસે બારે બુલ્યોરે, પાપે ઘેરયો તેથી હું ડુલ્યોરે,
મિથ્યા માયામાં શું ફુલ્યો, અવિચળ નામ ભવોભવ ભજીએરે,
સખી તેરસે તાલ લગાડીરે, પ્રેમ રૂપી ભુંગળ વગાડીરે,
કાયા નગરીને આજે જગાડી, અવિચળ નામ ભવોભવ ભજીએરે,
સખી ચોદશે કાયા ચોર કાઢીરે, જપ તપ ઉપવાસની આડીરે,
પ્રતિ ક્રમણ ઇચ્છું દહાડી, અવિચળ નામ ભવોભવ ભજીએરે,
સખી પુનમે સંસાર અસારરે, પાપ કર્મથી જીવ નિવારરે,
શરણે આવ્યો તાર તાર, અવિચળ નામ ભવોભવ ભજીએરે;
પંદર તિથિ સમાપ્ત કીધીરે, જૈન જપ તપની શુભ વિધીરે,
વાડીલાલે અંતરમાં લીધી. અવિચળ નામ ભવોભવ ભજીએરે

અહિંશ જીનવર મંગ્ગીક કરીએરે, ભાવ સહીત લોપણીમાં મળીએરે
મ્હારા ગુરુ પદને વરીએ, અવિચળ નામ ભવોભવ ભજીએરે,

સુણો ચંદાજી એ રાગ.

સુણ ચેતન હે, પ્રેમ ધરી વ્હાલો જૈની રસ પીજીએ,
આળસ મેહેલી, મનુષ્યા દેહ મળ્યાનુ સાર્થક કીજીએ,
સુણો જીનવરની વાણી, ભવ તરીયા પામર પ્રાણી;
અધીક ગુણુનીએ ખાણી. સુણુ ચેતન હે પ્રેમ ધરી,
માતપીતા બ્હેન ભાઇ, પુત્ર પ્રીયા ખોટાં સાહી;
અંતે એ સબ દુઃખદાઇ. સુણુ ચેતનહે, પ્રેમ ધરી,
જરજોરૂની લડાઇ, સ્વાર્થની આ સગાઇ,
સમર ધર્મ ભાઇ ભાઇ. સુણુ ચેતનહે, પ્રેમ ધરી;
મોહ રાજમાં શું રાજી, મ્હોત તણી નોબત બાજી,
જૈન ધર્મમાં રહે છાજી, સુણુ ચેતનહે, પ્રેમ ધરી.
અંતે નહીં ત્હારૂ બેલી, મરણ સમે માગે થેલી;
ખટપટ એ ફોગટ મેલી, સુણુ ચેતનહે, પ્રેમ ધરી.
મરતાં કહે મારૂ કરજો, મતલબ ન થાતાં મરજો;
વાડિલાલ ભવથી ડરજો, સુણુ ચેતનહે, પ્રેમ ધરી.

આનંદ અંગ ન માય. એ રાગ.

ગુણુ સેવક આ ગાય, પ્રભુ પ્યારા, ગુણુ સેવક આ ગાય,
નવ નિધ સિધ સહાય, પ્રભુ પ્યારા, ગુણુ સેવક આ ગાય,

ખાધુ પીધુ, મોજ મજાથી, તૃપ્તી નહી કદી થાય. પ્રભુ.
ભવજલ તરવા, પાતીક હરવા, શોધો કાંઇ ઉપાય. પ્રભુ.
કલ્પ વૃક્ષ સમો, જૈન ધર્મ, કયાંથી તે ઉચરાય. પ્રભુ.
પારષમણીનો, સંગન કીધો, હવે કેમ ગભરાય. પ્રભુ.
ખોટી માયામાં ફુકડ બનીયો, વાંસે વીમાસણ થાય. પ્રભુ.
ગાડી વાડી, લાડી મજામાં, ભુલ્યો હવે ત્રાય ત્રાય. પ્રભુ.
વાડિલાલ, ચેત અજ્ઞાની, મલ્લિ જીનેશ્વર સ્હાય. પ્રભુ.

ભુજંગી.

જગે આગને અંગ તો ખાખ થાશે, મસાણે ભળી રાખને ઉડ જાશે,
જુવો દેહ કંપાય તે તાપ લેવો, ભજો વીર મ્હારા અરીહંત દેવો;
હજુ ખાલ જે લાલ ત્યાં વ્હાલ આવે, તહાં તાલ પ્રભુ તણો કેમ ભાવે;
વિચારી જુવો રાય સર્ણીક જેવો, ભજો વીર મ્હારા અરીહંત દેવો,
બહુ કાષ્ટ સાથે ઘણી આગ લાગે, જગો બાગ સુગંધને તાપ જાગે,
તહાં આગળે તો બળે દેહ કેવો. ભજો વીર મ્હારા અરીહંત દેવો;
જતાં વાદળાં વીખરૈ જેમ જાતાં, સગાંરે તણાં હેત ત્યાં વીખરાતાં;
વસે જૈન નામે વસે દેવ તેવો, ભજો વીર મ્હારા અરીહંત દેવો,
સહુ સાથ છોડી જવાનુ ધરીને, જગે બીક જેની પ્રભુએ કરીને,
કહુંછું ખરૈ હું તમે સ્થાપ્રરોવો, ભજો વીર મ્હારા અરીહંત દેવો.
કથા સષ્ટિની તે વૃથા ખૂબ જાણી, દયા રાખવી પ્રાણી માત્રે પ્રમાણી,
કમાણી સમાણી જળે દેહ જેનો, ભજો વીર મ્હારા અરીહંત દેવો;
થતા હોય જો હાલ બેહાલ ત્હારા, તથાપી તજો ના નહી પ્રાણ પ્યારા,
કદી ઉતરે અંગની ચુજ ખાલે, પ્રભુને તજો માં કહ્યું વાડિલાલે.

નારાચછંદ.

હિપે વિશેષ માન દાનથીજ લક્ષ્મીના ધણી,
જુવો પિડાય જીવ દાન વીણુ વેદના ઘણી;
મળે ન અન્ન ભૂખ દુઃખ જીવ જે પીડાય છે,
કર્યું વિશેષ દાન માન આ ભવે ગવાય છે.
જુવો અનેક રંકને વિચારી દિલ ધારશો,
મળે ન પાસ દામ કામ આપિને નભાવશો;
અધિક લોક પાળવા દિયેથી સુખ થાય છે,
કર્યું વિશેષ દાન માન આ ભવે ગવાય છે.
અનેક આપ આગળે કરેજ અર્જ કેટલી,
પ્રભાવ પુન્યનો ગણો નમે સભાજ જેટલી;
ખમા ખમા કરે જનો નમી સદાય ન્હાય છે,
કર્યું વિશેષ દાન માન આ ભવે ગવાય છે;
ફરે સદા ન વસ્ત્ર પાસ રંક ચોમ દેખિએ,
ઠરે ઘણાજ ટાઢથી વિચાર મન લેખિએ,
મને દિધુ અધીક સુખ ગાદિયે ન્હાય છે,
કર્યું વીશેષ દાન માન આ ભવે ગવાય છે,
ખરૂં વિચારી દેખતાં વિચારથી લખાય છે,
દિધાથી રૂડુ પામયે દિધે ખરૂં પમાય છે;
વસો સદા નીતી પરે દયાથી દુઃખ જાય છે,
કર્યું વિશેષ દાન માન આ ભવે ગવાય છે.

સ્તુતિ.

ભાવ ધરીને જીનવર પુજો, જમણો ચરણ સુખદાયજી.
અષ્ટ પ્રકારી પુજા કરતાં, મન વંછીત ફળ થાયજી;
જુક્તિ મુક્તિનો ભેદજ પામો, ભક્તિ તણે પસાયજી,
એવી જીનવર ભાવે ભજતાં, આનંદ આનંદ થાયજી.

સુચકબોધ.

સતરેવાળુ વીરા તજીએ, અંતર વાત ઉતારીજી,
દોષ ઘણો વસીયોછે એમાં, જાણો સૈ સંસારીજી,
જનાવરો પણ કેવાં સમજી, રાતે ખાવુ વીસારીજી,
ઉત્તમ દેહ મનુષ્ય અવતારે, ધર્મ લીયો સંભાળીજી,
જુ કીડીજંતુ જે જુવો, ભોજન અસુરે આવેજી;
પેટ વધેને વમન થાતાં, રોગ અતીશય થાવેજી;
જીવ દયા ઉતમ ધર્મ મોટો, સેવે નર સુખ પાવેજી;
જીન વચન પર સરધા રાખે, જીવ મોક્ષ સિધાવે.જી

સમાપ્ત.

જાહેર ખબર.

સરવે જૈન ભાઇઓને વીનંતી કે આ ચોપડીને મુકવી નહી કારણ કે અશાતના થાય છે અમારી નીચે લખેલી ચોપડીઓ નીચેના સરનામેથી મલશે.

ધર્મના બે હાલ ભાગ પહેલો વિદેશી માલની વપરાશ સ્વદેશીયોની નવરાશ. ૦-૧-૦

મળવાનું ઠેકાણું.

કવિ વાડિલાલ સાંકળચંદ શાહ

અમદાવાદ—હાજા પટેલની પોળમાં પાકીયાની પોળ.

તથા

શા. સોમચંદ જેઠાલાલ

ઢાળની પોળમાં ખારા કુવાની પોળ—અમદાવાદ.